

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-04 ■ તા. 04-2--2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## સબકા સાથ, સબકા વિકાસ, પરંતુ મોદીએ બધાને બરબાદ કરી દીધા છે, કોંગ્રેસ પ્રમુખ



### જો અમે નિષ્ફળ જઈશું તો મોદીના ગુલામ બની જઈશું', ખડગે

નવીદિલ્હી,તા.૩

દિલ્હીમાં 'ન્યાય સંકલ્પ વર્કર્સ કોન્ફરન્સ'ને સંબોધતા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, 'આ લડાઈ બંધારણ અને લોકશાહીને બચાવવાની લડાઈ છે, જો તમે આમાં નિષ્ફળ થશો તો તમે હંમેશા માટે મોદીના ગુલામ બની જશો.' ખડગેએ ભાજપ પર નફરતની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો અને મોદી સરકાર પર તેના વચનો પૂરા ન કરવાનો આરોપ પણ લગાવ્યો.

કોન્ફરન્સને સંબોધતા ખડગેએ કહ્યું, 'તેઓએ (ભાજપ) દર વર્ષે બે કરોડ નોકરીઓ આપવાનું વચન આપ્યું હતું, તે નોકરીઓ ક્યાં છે? શું આપણે તેમને (મોદી) 'જૂઠાણાંના સ્વામી' કહીએ? ખડગેએ કહ્યું, 'આજે દરેક અખબારમાં મોદીની ગેરંટી લખાઈ છે. મોદીજીની ગેરંટી હતી કે દર વર્ષે બે કરોડ નોકરીઓ, લોકોના ખાતામાં ૧૫-૧૫ લાખ રૂપિયા, પણ મોદીએ કશું આપ્યું નહીં. કોંગ્રેસે જે પણ વચનો આપ્યા હતા તે પૂરા કર્યા. તેઓએ આપણા ખેડૂતોને છેતર્યા, યુવાનો, મહિલાઓને છેતર્યા. કોંગ્રેસ અધ્યક્ષે કટાક્ષ કરતા કહ્યું કે, 'સબકા સાથ, સબકા વિકાસ, પરંતુ મોદીએ બધાને બરબાદ કરી દીધા છે.' ખડગેએ કહ્યું, 'મોદીજી વાત નથી કરતા, તેઓ દરેકને અંદરથી કાપી નાખે છે. રામ મોઢામાં છરી લઈને બહાર આવે છે અને બધાને કાપીનેફરેછેપ આપણે પ્રેમની દુકાન ખોલી છે, પણ તેણે વેર અને નફરતની દુકાન ખોલી છે.

## કોર્ટે ભાજપા સાંસદી રીટા બહુગુણાને ૬ મહિનાની જેલની સજા ફટકારી




(એ.આર.એલ),લખનૌ,તા.૩

લખનૌ એમપી એમએલએ કોર્ટે પ્રયાગરાજના બીજેપી સાંસદ રીટા બહુગુણા જોશીને ૬ મહિનાની જેલની સજા ફટકારી છે. વર્ષ ૨૦૧૨માં તેઓ વિધાનસભા ચૂંટણી દરમિયાન આચારસંહિતાનો ભંગ કરવા બદલ દોષી સાબિત થયા હતા. આ મામલે લખનૌના કૃષ્ણા નગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. એમપીએમએલએ કોર્ટના સ્પેશિયલ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અંબરીશ કુમાર શ્રીવાસ્તવે સજા સાથે કોર્ટે દંડ પણ ફટકાર્યો છે.

ભાજપા સાંસદ રીટા બહુગુણા જોશી લખનઉના કેન્ટ વિધાનસબા બેઠક પરથી ચૂંટણી જીત્યા હતા. જો કે ચૂંટણી પહેલા કરાતા પ્રચારમાં તેમણે આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યુ હોવાનો તેમના પર આક્ષેપ કરવામાં આવ્યો હતો. અને આ મામલે તેમના પર કોર્ટમાં કેસ પણ દાખલ કરાયો હતો. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સાંજે લગભગ ૬.૫૦ વાગ્યે લખનૌના કેન્ટ વિધાનસભા ક્ષેત્રમાંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે કૃષ્ણનગરના બજરંગ નગર વિસ્તારમાં રિટા બહુગુણા પ્રચાર કરી રહ્યા હતા. દરમ્યાન ચૂંટણી આચાર સંહિતા મુજબ પ્રચારનો સમય પૂર્ણ થયા બાદ પણ તેમને જાહેર સભાને સંબોધી હતી.

અધિકારીઓને આ વાતની જાણ થતાં જ સ્ટેટિક સર્વેલન્સ મેજિસ્ટ્રેટ મુકેશ ચતુર્વેદી ઘટનાસ્થળે પહોંચી ગયા. ત્યાં તેમણે રીટા બહુગુણા જોશીને બજરંગ નગરમાં લગભગ ૫૦ લોકોની ભીડ સાથે મીટિંગ કરતા જોયા. જે કેમેરામાં કેદ થયો હતો. આ મામલે ચતુર્વેદી વતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

### ગુજરાત સરકારના 5G બજેટને અમૃતકાળે સર્વાંગીણ ઉન્નતિ માટેના શુકનિયાળ બજેટ માટે

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી શ્રીકનુભાઈ દેસાઈને અભિનંદન પાઠવતા પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયા



ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૪- ૨૫ ના ૫ - ૨એટલે કે ગરવું, ગુણવંતુ, ગ્રીન, ગ્લોબલ અને ગતિશીલ ગુજરાત માટેનું શ્રેષ્ઠ બજેટ ભેટ ધરવા બદલ ગુજરાતના કર્મઠ અને કર્તવ્ય પરાયણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સરળ, અને સાદાઈનું પ્રતિક એવા નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈને ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી ડો.વલ્લભભાઈ કથીરિયાએ સહર્ષ આવકારતા જણાવ્યું હતું કે આ બજેટ અમૃતકાળથી શરૂ થઈ ૨૦૪૭ સુધીમાં વિકસીત ગુજરાત વિકસીત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવાના નિર્ધાર માટેની પ્રથમ સીડી સમાન છે. વાઈબ્રન્ટ ગુજરાતની સફળતા બાદ રૂ. ૩,૩૨,૪૬૫ કરોડનું બજેટ ગુજરાતને સર્વાંગીણ વિકાસની નવી ઊંચાઈએ લઈ જશે. આ બજેટ મહિલા, બાળ, ગરીબ, યુવા, વૃદ્ધો, મજદૂર, કિસાન, વનવાસી સહિત સમગ્ર ગુજરાતની જનતા જનાર્દનને લાભદાયી સર્વસ્પર્શી બજેટ છે. જેમાં સમાજના બધા વર્ગોના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ માટે બજેટ ફાળવણી કરવામાં આવી છે. તે જ પ્રમાણે કૃષિ, ઉદ્યોગ, પ્રવાસન, યાત્રાધામ, આરોગ્ય, રમતગમત, કલા, શ્રમ, રોજગાર, ગ્રામ્ય, શિક્ષણ, રોડ - રસ્તા કોરીડોર, જેવા સર્વ ક્ષેત્રોને આવરી લઈ મોટા બજેટની ફાળવણી કરી છે. શિક્ષણ ક્ષેત્રે ૧૬ % જેટલી માતબર રકમ ફાળવી નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટે કૃત નિશ્ચયી હોવાની પ્રતિતિ થાય છે.

સરકારના દરેક વિભાગોને પૂરતા બજેટ સાથે નવા વિચારો, નવી ટેકનોલોજી અને ત્વરિત અમલીકરણ સાથે ગુજરાતને વૈશ્વિક ઓળખ મળે અને આગામી ઓલમ્પિકની તૈયારી માટે રૂ. ૩૦૬ કરોડ બજેટ ફાળવી ગુજરાતના વિકાસને ચરમ સીમાએ પહોંચાડવાનો ગતિશીલ ગુજરાતનો દ્રઢ સંકલ્પ બજેટમાં પ્રતિબિંબત થાય છે.

મોરબી, વઢવાણ - સુરેન્દ્રનગર સહિત સાત જિલ્લાઓને નગરપાલિકાનો દરજ્જો આપ્યો છે. રાજકોટના મેડિકલ ડીવાઈસ , જ્વેલરી પાર્ક અને કાર્ડીયાક સેન્ટર માટે બજેટ ફાળવ્યું છે. ગિફ્ટ સિટી અને ધોલેરાના માધ્યમથી ગ્લોબલ ગુજરાતના વૈશ્વિક રોકાણ વધશે. સોલર, રૂફટોપ, ઈ – વ્હીકલ, જળ સંરક્ષણ, બાયો સીએનજી, પ્રાકૃતિક કૃષિ માટે વધુ બજેટ ફાળવી ગ્રિન ગુજરાતની દિશામાં આગળ વધવા ગુજરાતે પહેલ કરી છે.

## લાકડાને બદલે ગોકાષ્ઠનો વિકલ્પ ક્રાંતિ લાવશે

મહારાષ્ટ્ર સરકારે અંતિમ સંસ્કાર અને હોળીમાં લાકડાને બદલે ગોકાષ્ઠનો ઉપયોગ કરવાની સૂચના આપી છે. ગોકાષ્ઠ એટલે ગાયના છાણને એકઠું કરીને તેને સૂકવવામાં આવે છે ત્યારબાદ સૂકા છાણને પાણીમાં ભીંજવવામાં આવે છે. ભીંજાયેલા છાણને મશીનમાં નાખીને તેને લાકડાના આકારમાં દબાવવામાં આવે છે. લાકડાને સૂકવવામાં આવે છે અને તેને ઉપયોગ માટે તૈયાર કરવામાં આવે છે. લાકડાને બદલે ગોકાષ્ઠનો વિકલ્પ ક્રાંતિ લાવશે. જેના કારણે પર્યાવરણને થતું નુકસાન ઓછું થશે, હોળી તેમજ અંતિમ સંસ્કાર માટે ઈકો ફ્રેન્ડલી વિકલ્પ ઉપલબ્ધ રહેશે. આ રીતે વૃક્ષો કપાતા બચશે. ગૌશાળાનાં સમૂહો દ્વારા ગોકાષ્ઠનું ઉત્પાદન થશે એટલે ગૌશાળાઓને આજીવિકાનું સાધન પ્રાપ્ત થશે. કુદરતી સંપત્તિને થતું નુકસાન અટકશે તેમજ ગૌશાળાઓ માટે આવકનું સાધન વધશે. જયજીનેન્દ્ર ફાઉન્ડેશને સમગ્ર મહારાષ્ટ્રમાં ગોકાષ્ઠનો ઉપયોગ કરવાની ચળવળ શરૂ કરી છે. એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય ગિરીશ શાહ અને ભારત સરકારનાં પશુપાલન અને ડેરી મંત્રાલયનાં માનદ સલાહકાર મિત્તલ ખેતાણીએ મહારાષ્ટ્ર સરકારનાં આ નિર્ણયને આવકાર્યો છે.

## ભારતમાં પુરુષોમાં ફેફસાં તો સ્ત્રીઓમાં સ્તન કેન્સરના કેસ વધુ, ૨૦૨૨માં ૯ લાખના મોત : WHO




વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અનુમાન મુજબ, ૨૦૨૨માં, ભારતમાં કેન્સરના ૧૪.૧ લાખથી વધુ નવા કેસો સામે આવ્યા અને આ ગંભીર બીમારીને કારણે ૯.૧ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. ઈન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર ના અંદાજ મુજબ, પુરુષોમાં હોઠ, મોં અને ફેફસાંનું કેન્સર સૌથી સામાન્ય હતું, જે નવા કેસોમાં અનુક્રમે ૧૫.૬ ટકા અને ૮.૫ ટકા છે. જ્યારે સ્ત્રીઓમાં સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સર સૌથી સામાન્ય હતું. જે નવા કેસોમાં અનુક્રમે ૨૭ અને ૧૮ ટકા છે.ી કેન્સર એજન્સી છે. આ રિસર્ચમાં એવું પણ જાણવા મળ્યું હતું કે ભારતમાં કેન્સરથી પીડિત હોવાની માહિતી મળ્યા બાદ પાંચ વર્ષ સુધી જીવતા લોકોની સંખ્યા લગભગ ૩૨.૬ લાખ છે. વૈશ્વિક સ્તરે, એજન્સીનો કેન્સરના ૨ કરોડ નવા કેસ અને ૯૭ લાખ મૃત્યુ, તેમજ કેન્સરની જાણ થયા બાદ પાંચ વર્ષ સુધી લગભગ ૫.૩ કરોડ લોકો જીવીત હોવાનો અંદાજ છે. દર પાંચમાંથી એક વ્યક્તિ કેન્સરથી પીડાય છે અને દર નવમાંથી એક પુરુષ અને દર ૧૨માંથી એક સ્ત્રીનું આ રોગથી મૃત્યુ થાય છે. ભારતમાં, ૭૫ વર્ષની ઉંમર પહેલા કેન્સર થવાનું જોખમ ૧૦.૬ ટકા છે, જ્યારે સમાન વય જૂથમાં કેન્સરથી મૃત્યુ થવાનું જોખમ ૭.૨ ટકા છે. વૈશ્વિક સ્તરે, આ જોખમો અનુક્રમે ૨૦ ટકા અને ૯.૬ ટકા છે. ઉઑ એ ૧૧૫ દેશોના સર્વેના પરિણામો પ્રકાશિત કર્યા અને કહ્યું કે મોટાભાગના દેશો યુનિવર્સલ હેલ્થ કવરેજ (ઉઑ)ના ભાગ રૂપે કેન્સર અને પેઈન કેર સેવાઓને પૂરતા પ્રમાણમાં નાણાં આપતા નથી.

ઁછઈઝના અનુમાન અનુસાર, ૨૦૨૨માં વૈશ્વિક સ્તરે લગભગ બે તૃતીયાંશ નવા કેસો અને મૃત્યુમાં ૧૦ પ્રકારના કેન્સર સામેલ હતા. તેમના ડેટામાં ૧૮૫ દેશો અને ૩૬ પ્રકારના કેન્સરને આવરી લે છે. વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ફેફસાનું કેન્સર એ સામાન્ય કેન્સર છે અને કેન્સરથી થતા મૃત્યુનું મુખ્ય કારણ પણ છે, જે કેન્સરથી થતા કુલ મૃત્યુના લગભગ ૧૯ ટકા છે. આ ઉપરાંતૈંછઈઝએ શોધી કાઢ્યું છે કે સ્ત્રીઓમાં સ્તન કેન્સર બીજા નંબરનું સામાન્ય કેન્સર છે અને વૈશ્વિક સ્તરે થતાં મૃત્યુમાં સાત ટકા સ્તન કેન્સરથી થાય છે. ડેટા અનુસાર, સર્વાઈકલ કેન્સર વૈશ્વિક સ્તરે આઠમું સામાન્ય કેન્સર હતું અને કેન્સરથી થતાં મૃત્યુમાં નવમું મુખ્ય કારણ હતું. એજન્સીએ જણાવ્યું હતું કે તમાકુ, આલ્કોહોલ અને સ્થૂળતા કેન્સરના વધતા કેસ પાછળ મુખ્ય પરિબળો છે.

## ૪ ફેબ્રુઆરી, "વિશ્વ કેન્સર દિવસ"

**વિશ્વભરમાં "વિશ્વ કેન્સર દિવસ" (ઉક્ષ્ઙ્ઘ ઝ્રટ્ઠહષ્ઠીિ ડ્ઢટ્ઠઅ) દર વર્ષે ૪ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે. કેન્સરને અટકાવવા અને તેના વિશે જાગૃતિ લાવવાનાં ઉદ્દેશ્યથી વર્ષ ૧૯૩૩માં "વિશ્વ કેન્સર દિવસ"ની ઉજવણી શરૂ થઈ હતી. સૌપ્રથમ "વિશ્વ કેન્સર દિવસ" વર્ષ ૧૯૩૩માં યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ (યુઆઈસીસી) દ્વારા સ્વિટ્ઝર્લેન્ડનાં જિનીવા ખાતે ઉજવવામાં આવ્યો હતો.**

**કેન્સર એ રોગોનાં જૂથનું એક સામાન્ય નામ છે, જેમાં શરીરનાં અંદરના કેટલાક કોષો અમુક કારણોસર અનિયંત્રિત બનીને વધે છે. સારવાર ન થવાથી તે આસપાસની સામાન્ય પેશીઓમાં અથવા શરીરનાં અન્ય ભાગોમાં ફેલાય છે અને તે ગંભીર બીમારી, અપંગતા અને મૃત્યુનું કારણ બની શકે છે. ભારતમાં સૌથી વધારે કેન્સરનાં કેસો પંજાબમાં જોવા મળે છે જેના કારણે ત્યાં 'કેન્સર ટ્રેન' પણ ચલાવવામાં આવે છે. આ પાછળનું કારણે જમીન અને પાણીનું સતત**




**થતું પ્રદુષણ છે. આ ઉપરાંત તમાકુમાં મળી આવતું નિકોટીન, જંક ફૂડમાં રહેલા પ્રિઝર્વેટિવ્સ, જંતુનાશકો અને અન્ય હાનિકારક ઘટકો, આર્સેનિક, બેન્ઝિન, એસ્બેસ્ટોસ અને જેવા પર્યાવરણીય ઝેરી પદાર્થો, માંસાહાર જેવા પદાર્થો કેન્સરનાં જોખમો વધારે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડ-પ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી ! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે, નીરોગી રહેવા માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઈબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોન-વેજ ફૂડમાં ફાઈબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચન-સંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઈબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. કેન્સરને મટાડવા માટે 'પંચગવ્ય ચિકિત્સા'ને પણ ઉપયોગમાં લેવામાં આવે છે. ગાયનાં ગૌમૂત્રનાં ઉપયોગથી કેન્સર મટ્યાનાં ઘણા દાખલા છે. ભારતનાં પ્રાચીન ઈતિહાસ પર નજર કરીએ તો ઋષિમુનીઓ પણ શાકાહાર કરવાની તેમજ શરીરને સ્વસ્થ રાખવા માટે આયુર્વેદને અનુસરવા જણાવ્યું છે. 'આયુર્વેદ' ભારતની સંસ્કૃતિ છે. ચરક ઋષિનું 'ચરક સંહિતા' અને સુશ્રુત ઋષિનું 'સુશ્રુત સંહિતા' ભારતનાં આયુર્વેદિક વારસાનાં મહત્વનાં ઉદાહરણો છે.કેન્સર એ ચેપી રોગ નથી માટે તેનાથી ગભરાવવું ન જોઈએ. સ્વસ્થ જીવનશૈલીને અનુસરવાથી આવા હાનિકારક રોગોથી બચી શકાય છે. 'કેન્સર' એટલે 'કેન્સલ' નહીં.**

તંત્રી લેખ......

# ઈલોન મસ્કની કંપની ટેસ્લાએ ૨૨ લાખ વાહનોને રિકોલ

અમેરિકામાં ઈલોન મસ્કની કંપની ટેસ્લાએ ૨૨ લાખ વાહનોને રિકોલ કર્યા છે. કોઈપણ કંપની દ્વારા આ અત્યાર સુધીનું સૌથી મોટું રિકોલ છે. અમેરિકાના નેશનલ હાઈવે ટ્રાફિક સેફ્ટી એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું કે વાહનોના ડેશબોર્ડમાં વોર્નિંગ લાઈટની ખોટી ફોન્ટ સાઈઝને કારણે વાહન ક્રેશ થવાનું જોખમ રહેલું છે.

બે મહિના પહેલા પણ ટેસ્લાએ ૨૦.૩ લાખ વાહનો રિકોલ કર્યા હતા. ત્યારપછી ઓટોપાયલટ એડવાન્સ્ડ ડ્રાઈવર આસિસ્ટન્સ સિસ્ટમમાં સલામતીના નવા પગલાં સ્થાપિત કરવા માટે રિકોલ હાથ ધરવામાં આવી હતી. આ તે સમયની સૌથી મોટી રિકોલ હતી.

ટેસ્લા તેની સ્વાયત્ત ડ્રાઈવિંગ સહાય માટે એનએચટીએસએ દ્વારા તપાસ હેઠળ છે.એનએચટીએસએએ જણાવ્યું હતું કે હાલમાં જે વાહનોને પાછા બોલાવવામાં આવી રહ્યા છે તેમાં ટેસ્લાના મોડલ એસ, મોડલ એક્સ તથા ૨૦૧૭ થી ૨૦૨૩ વચ્ચે બનેલ મોડલ ૩, મોડલ વાય અને ૨૦૨૪ સાયબર ટ્રક સામેલ છે.

યુએસ રેગ્યુલેટરે કહ્યું કે ટેસ્લાએ આ સમસ્યાને ઠીક કરવા માટે મફતમાં 'ઓવર-ધ-એર સોફ્ટવેર અપડેટ' જારી કરવાનું શરૂ કર્યું છે. રિકોલ રિપોર્ટ અનુસાર, આ અપડેટ બ્રેક, પાર્ક અને એન્ટીલોક બ્રેક સિસ્ટમ વિઝ્યુઅલ વોર્નિંગ ઈન્ડિકેટર્સના લેટર ફોન્ટ સાઈઝમાં વધારો કરે છે. વાસ્તવમાં, નાના ફોન્ટ સાઈઝવાળી ચેતવણી લાઈટો ઈન્સ્ટ્રૂમેન્ટ પેનલ પરની મહત્વપૂર્ણ સલામતી માહિતી વાંચવી મુશ્કેલ બનાવી શકે છે, અકસ્માતનું જોખમ વધારે છે.

# શહેરી વિસ્તારની ૩૨ પ્રાઈમરી સ્કૂલ મહાપાલિકાને સોંપાઈ

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી ૩૨ જેટલી પ્રાઈમરી સ્કૂલનું સંચાલન જિલ્લા પંચાયત શિક્ષણ કમિટી પાસેથી લઈને મહાનગરપાલિકાને સોંપવાનો મહત્વનો નિર્ણય રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યો હતો. અત્યારસુધી મહાનગરપાલિકા પાસે માત્ર ૫ સ્કૂલો હતી હવે ૩૨ સ્કૂલોનો વધારો થતા મહાનગરપાલિકા દ્વારા ૩૭ પ્રાઈમરી સ્કૂલોનું સંચાલન કરવામાં આવશે.

મહાનગરપાલિકા હવે આર્થિક પગભર થતાં સ્કૂલોનું સંચાલન સોંપવા રાજ્ય સરકારને દરખાસ્ત કરી હતી શિક્ષણ વિભાગ દ્વારા આ સ્કૂલો મહાનગરપાલિકાને સોંપવા માટેનો આદેશ જારી કરવામાં આવ્યો છે. જેથી હવે આ ૩૨ સ્કૂલો તેના સ્ટાફ, મકાન અને તમામ મિલકતો સાથે મહાનગરપાલિકાના વહીવટી અધિકારીને સોંપાશે. આ સ્કૂલોનું સંપૂર્ણ સંચાલન સોંપવાની તારીખ અનેસમય પ્રાથમિક શિક્ષણાધિકારી, પંચાયત શિક્ષણ સમિતિ અને મહાપાલિકા દ્વારા નક્કી કરાશે. સ્કૂલોના શિક્ષકોને જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ કે મહાનગરપાલિકા હસ્તક રહેવાનો વિકલ્પ અપાશે. જો શિક્ષણ સમિતિ હસ્તક રહેવાનો નિર્ણય લેવામાં આવે તો તેમને અન્ય સ્કૂલમાં ખાલી જગ્યાએ નિમણૂંક અપાશે. પેથાપુર, ફતેપુરા, કોબા, રાયસણ, ઝુંડાલ, સુઘડ, ભાટ, રાયસણ, ભાઈજીપુરા, નભોઈ, અમિયાપુર, કોટેશ્વર, કોલવડા, વાવોલ, સરગાસણ, કુડાસણ, ખોરજ અને રાંધેજા ખાતેની સ્કૂલો સોંપાઈ છે.

# પત્રાવળી-૩૧

સાહિત્યજગતના આદરણીય અને https://niravrave.wrodpress.com પર પ્રકાશ પાથરતાં શ્રીમતી પ્રજ્ઞાબેન વ્યાસ લખે છે:

સુ. શ્રી ભદ્રાબહેનની સુંદર વાત-'શબ્દના અસરકારક પરિણામ માટે ઘણુંબધું જરૂરી છે. ભાષા પરનું વર્ચસ્વ, શબ્દોની વિચારપૂર્વકની ટાંકણી, વિષયની ઊંડી સમજણ, ઉચ્ચારની સ્પષ્ટતા, બોલવાનો લય અને પરિસ્થિતિ અનુકૂળ તેના ઉપયોગની મર્યાદા. શબ્દ માનવજાતિએ પોતાના માટે ઉત્પન્ન કરેલી એક અલૌકિક ભેટ છે.' આ અંગે વધુ ચિંતન:

ઋગવેદના ઋષિને ખબર પડી હતી કે આ વાણી છે ને એને ચાર ચરણ છે. જેમાંના ત્રણ ચરણ તો ગુફામાં ઢંકાયેલા છે. એનું એક જ ચરણ વૈખરીરૂપે આપણને અનુભવાય છે, ઉપસ્થિત થાય છે. આપણને એ પ્રત્યક્ષ થાય છે. શબ્દનું અધિષ્ઠાન આકાશ છે. શબ્દ આકાશનો ગુણ છે. એટલે કે શબ્દને રહેવાની જગ્યા આકાશ કવિ શબ્દના સ્વરૂપને પામવા મથતો હોય છે. એની પાસે શબ્દનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો પ્રગટ થતાં હોય છે. સૂક્ષ્મ પરા, પશ્યન્તી અને મધ્યમા તરફ પ્રયાણ શરુ થાય પશબ્દ અનુભવાય.

બીજી એક વાત ભાવવાહી ચહેરા વિશે. ભાવવાહી ચહેરા લાગણીઓને બિંબિત કરતાં. આંખો દ્વારા ચૂપ રહીને પણ ઘણું કહેવાઈ જતું. ૧૯૭૩ના વર્ષમાં એક ફિલ્મ આવી હતી, 'કોશિશ'. એમાં સંજીવકુમાર અને જયા ભાદુરીએ મૂંગાં પતિપત્નીનો રોલ કર્યો હતો. લાગણીને, મૌનની ભાષા મળે છે, બસ વિચારો એ પછી તાજા મળે છે. તેના એક કારણમાં જે અનુભૂતિ હોય તેને માટે શબ્દો બોલનારનું સત્ય બને- શાશ્વત સત્ય નહીં. ક્યારેય તેનું વર્ણન કરવાનો પ્રયાસ થાય ત્યારે સત, ચિત, ઘન, નીત, આનંદરૂપ, અનંત, અનાદિ, અનુપમ કહી શબ્દ અટકી જાયપ..પછી સાનંદાશ્ચર્યમૌન તે સાક્ષાત્કાર !

પ્રજ્ઞાજુ વ્યાસ.
**Email: pragnajuvyas@yahoo.com**




oooooooooooooooooooooooooooooooooooooooooooooooooooo

(૨)

ટોરોન્ટો, કેનેડાથી કાસીમ અબ્બાસ લખે છે:

શબ્દોની સજાવટ: બાળપણમાં એક વાક્ય વાંચેલ હતું: ''લીમડી ગામે ગાડી મલી'' આ વાક્યમાં શબ્દો એવી રીતે સજાવવામાં આવેલ છે કે આ વાક્યને પાછળથી એટલે કે ઊંધેથી વાંચો તો પણ તે વાક્ય આબેહૂબ અસલ જ વંચાશે.
તે ઉપરાંત આ નીચેનાં વાક્યો પણ બિલકુલ સીધેથી કે ઊંધેથી તેવી જ રીતે આબેહૂબ અસલ વાક્ય જ વંચાશે: ''લો સામજી મસાલો.''
''લે કાસમ મસકા લે.''

બાળપણમાં બાળવાર્તાઓ આ રીતે સમાપ્ત થતી હતી:

''ખાધુ પીધું અને રાજ કર્યું''.

ઈન્ટરનેટને અનુલક્ષીને બાળવાર્તાઓ હવે આ રીતે સમાપ્ત થાય:

''પીઝ્ઝા ખાધા, પેપ્સી પીધી અને સવારે પાછા એ જ જોબના ઢસરડા.''

બીજી વાત છે શબ્દોની કરકસર. અગાઉ વાંચેલ હતું:

નાનામાં નાની, ટૂંકામાં ટૂંકી નવલિકા:
''હરણ
પરણ
મરણ''.

મેં એમાં થોડો ઉમેરો કરેલ, આ અનુસાર:
''હરણ
શરણ
પરણ
મરણ''
એ જ રીતે ટૂંકામાં ટૂંકી નવલિકા:

''(ઓન લાઈન) મળ્યાં.
(રજિસ્ટ્રારને ત્યાં) પરણ્યાં.
(સ્માર્ટ ફોન પર) ઝગડ્યાં.
(અકસ્માતમાં) મર્યા.''

આ છે ''શબ્દો'' ની માયાજાળ.

કાસિમ અબ્બાસ, ટોરન્ટો, કેનેડા
**Email: qasimabbas15@hotmail.com**

(૩
મેરીલેન્ડના વતની વિમલાબેન હીરપરા લખે છે:

દેવિકાબેન, મૌન કહો કે અબોલ પ્રાણીની ભાષા કહો, પણ સાંજના સમયે ગોરજટાણે પાછી ફરતી ગાય જે ઉત્સુકતાથી વાછરડાને ચાટે છે કે અકસ્માત મૃત્યુ પામેલા વાછરડાના ખાલી ખીલાને સૂંઘીને ભાંભરડાં નાખે એ કોઈ માતાના રુદનથી કમ નથી હોતા. આ જોયેલું છે. કૂતરાં કે બિલાડી જેવાં પ્રાણીની ખોરાક માટેની યાચના એ નાના બાળકના ખોરાક માટેના રુદન જેવું લાગે. તો કૂતરું આપણા ભયને બરાબર પારખે છે. પાછળ પડેલા કૂતરાને જોઈને દોડો તો એ તમારો પીછો કરશે. પણ ભય પામ્યા વિના ઉભા રહો તો એ પણ ઊભું રહી જશે. જંગલી ગાયો જેવાં પ્રાણી, હરણાં, જિરાફ, જીબ્રા જેવાં પ્રાણી કે જે વાઘ, સિંહ જેવાં પ્રાણીઓના હિટ-લિસ્ટ પર હોય. એ માતાઓ બચ્ચું જન્મે ત્યારે એને લાત મારીને ઊભું કરે છે. કારણ કે જીવતા રહેવા માટે પોતાના પગ પર ઊભાં રહેવું એ પહેલી શરત. એટલે ખાતાં શીખે એ પહેલાં એને ઊભાં થતાં ને દોડતાં શીખવાનું છે. એની લાતમાંય વહાલ છે. જે આપણને સમજતાં વાર લાગે
વિમલા હીરપરા

# બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને અમીરગઢ તાલુકામાંથી ભાજપ-આપના સરપંચો, સહકારી આગેવાનો સહિત મોટી સંખ્યામાં કાર્યકર ભાઈ-બહેનો આજે કોંગ્રેસ પક્ષમાં જોડાયા

ગુજરાતમાં ભાજપના શાસનમાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. યુવાનોને રોજગારી નથી, ખેડૂતો માટે એનપીકે, ડીએપી, યુરિયા ખાતર નથી, શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે, મોંઘવારી આસમાને છે, દરેક જગ્યાએ પુષ્કળ ભ્રષ્ટાચાર છે, માટે ગુજરાતના હિતમાં સત્તા પરિવર્તન જરૂરી છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આજે આગળ વધી રહેલ છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને હમીરગઢ તાલુકામાંથી ભાજપ-આપના સરપંચો, સહકારી આગેવાનો સહિત મોટી સંખ્યામાં કાર્યકર ભાઈ-બહેનો આજે કોંગ્રેસ પક્ષમાં જોડાયા જેને હાથ સે હાથ જોડો અભિયાનના પ્રદેશ કન્વીનર અને પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજયગુરુના હસ્તે કોંગ્રેસ પક્ષનું સભ્યપદ ગ્રહણ કરેલ. હાથ સે હાથ જોડો ના જીલ્લા પ્રભારીશ્રી ભરતભાઈ કરેન, કો-કન્વીનરશ્રી ભેમાભાઈ ચૌધરી, જીલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી ડામરાજી રાજગોર, શ્રી માનસિંહ ડાભી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનને બહોળો પ્રતિસાદ મળેલ છે. રાજકીય અને બિનરાજકીય અનેક આગેવાન-કાર્યકર્તાઓ અવિરત રીતે કોંગ્રેસમાં જોડાઈ રહ્યાં છે.

ધાનેરા તાલુકાના કોટડા (ધા) ખાતે પાંચ ગામના અગ્રણીઓ ભાજપ છોડી કોગ્રેસ માં જોડાયા

૧. કોટડા ગ્રામ પંચાયત સરપંચ અને દૂધ ડેરી ચેરમેન શંકરભાઈ વાઘડા
૨. હડતા સરપંચ શ્રી જેહાભાઈ દેસાઈ
૩. શેરગઢ સરપંચ શ્રી પ્રેમાભાઈ ચૌધરી
૪. શેરગઢ પૂર્વ સરપંચ માલાભાઈ પટેલ
૫. દૂધ મંડળી ચેરમેન દેવાભાઈ પટેલ.
૬. ચારડા સરપંચ ગોકળભાઈ રબારી
૭. દેવાભાઈ પટેલ (હડતા)
૮. પાતભાઈ પટેલ ( ભાખાર)
૯. નાગજીભાઈ પટેલ ( મગ્રાવા)
૧૦. ભેમાભાઈ પટેલ ( કોટડા)
૧૧. માલાભાઈ પટેલ (શેરગઢ)
૧૨. દેવજીભાઈ પટેલ ( હડતા )
૧૩. તળસાભાઈ પટેલ ( મગ્રાવા )



૧૪. માનસુગભાઈ પટેલ ( હડતા)
૧૫. જેતાભાઈ પટેલ (ધા)અમીરગઢ તાલુકાના ભાજપ-આપના આગેવાનો કોંગ્રેસમાં જોડાયા.
૧. રાવદરા ચમનભાઈ ચેલજી..પૂર્વ જીલ્લા પંચાયત ડેલિગેટ ભાજપ
૨. બાલુન્દ્રા સરપંચ માજીરાના પ્રકાશભાઈ શંકરભાઈ (બીજેપી આગેવાન )
૩. ચૌહાણ જયેન્દ્રસિંહ રતનસિંહ ચૌહાણ ગઢ સરપંચ (બીજેપી આગેવાન)
૪. ડાભી ઘનશ્યામસિંહ રાજુસિંહ સરોત્રા દૂધ ડેરી પૂર્વ ચેરમેન (બીજેપી આગેવાન )
૫. ચૌહાણ પોપટ સિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ ગઢ દૂધ ડેરી પૂર્વ ચેરમેન.
(બીજેપી આગેવાન )
૬. પટેલ બાબુભાઈ વાલાભાઈ ડુંગરપુરા .(આમ આદમી પાર્ટી .)
૭. ડી.કે.રાજપૂત ..(ધાનેરા વિધાનસભા અપક્ષ ઉમેદવાર)
૮. ચૌહાણ જયેશશિંહ લેહરિસિંહ. ચૌહાણ ગઢ દરબાર સમાજ આગેવાન.. (બીજેપી આગેવાન )૯. ચૌહાણ મહેન્દ્રસિંહ પોપટ સિંહ સરોત્રા (બીજેપી આગેવાન )

# વિએટનામ : 3



૨૦૨૩ સવારે નાસ્તો કરી અમારે ×બાના હિલ×ની એક દિવસની ટૂર પર જવાનું હતું. બાના હિલ સ્ટેશન એ એક હિલ સ્ટેશન અને રિસોર્ટ છે જે મધ્ય વિયેટનામમાં દનાંગ શહેરની પશ્ચિમમાં ટ્રુંગ સોન પર્વતોમાં સ્થિત છે. આ સ્ટેશનની સ્થાપના ૧૯૧૯માં ફ્રેન્ચ વસાહતીઓ દ્વારા કરવામાં આવી હતી. બાના હિલ દરિયાની સપાટીથી ૧૫૦૦ મીટર ઊંચાઈ પર આવેલું છે. તેની આજુબાજુ સુંદર પહાડો અને ઝરણાં આવેલા છે.આ પહાડોની ગોદમાં જંગલ આવેલાં છે. લીલાછમ વૃક્ષ કુદરતના હોવાપણાની સાક્ષી આપે છે. બાના હિલ્સની કેબલ કાર એ એક માત્ર વિશ્વની સૌથી લાંબી કેબલ કાર નથી પણ વિયેટનામમાં સન વર્લ્ડ બાના હિલ્સના પ્રખ્યાત રિસોર્ટની મુલાકાત લેવાનું એક મુખ્ય કારણ પણ છે. કેબલ કાર એ હવે-પ્રસિદ્ધ ગોલ્ડન બ્રિજની મુલાકાત લેવાનો એકમાત્ર રસ્તો છે.સન વર્લ્ડ બાના હિલ્સને તેની અદભૂત આબોહવા અને અન્ય વિશ્વના કુદરતી લેન્ડસ્કેપને કારણે ×પૃથ્વી પર સ્વર્ગ× તરીકે ઓળખવામાં આવે છે. વિશાળ હાથની જોડીની મુલાકાત માટેનો રસ્તો પણ છે. આ હાથને ગોડ'ઝ હેન્ડ પણ કહેવાય છે.

પથ્થરમાંથી સુંદર કારીગીરી કરીને આ જાયન્ટ હાથ બનાવવામાં આવ્યાં છે.

ગોલ્ડન બ્રિજ પણ જોવા લાયક સ્થળ છે. ૨૦૧૫ થી ૨૦૧૮ સુધી સતત ચાર વર્ષ સુધી, સન વર્લ્ડ બાના હિલ્સને વિયેટનામ એસોસિએશન ઑફ ટૂરિઝમ દ્વારા વિયેટનામના ટોપ ટૂરિસ્ટ રિસોર્ટનું સન્માન આપવામાં આવ્યું હતું. બાના હિલ્સમાં સૌથી વધુ જોવાલાયક સ્થળો પૈકીનું એક ફ્રેન્ચ ગામ છે, જે જૂના જમાનાનું ફ્રાન્સને ઓળખી શકાય તેવા સીમાચિહ્નો જેમ કે સ્ક્વેર, પથ્થરનાં રસ્તાં,ચર્ચ, જૂનું ગામ અને ધર્મશાળાઓ ફ્રાન્સની યાદ અપાવે છે. ફ્રેન્ચ કોલોનીએ બાના હિલ્સ પોતાના મનોરંજન અને આરામ માટેની જગ્યા બનાવી હતી. કારણકે વિયેટનામમાં ખૂબ ગરમી હોવાથી એમના સિપાહીઓ ગરમીથી મરી જતાં હતાં.

આ ઉપરાંત ગોલ્ડન બ્રિજને જેનું જૂન ૨૦૧૮ માં બાનામાં સત્તાવાર રીતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, તેને ટાઈમ મેગેઝિન દ્વારા ×વિશ્વ ૨૦૧૮ના ટોચના ૧૦ શ્રેષ્ઠ સ્થળો×માંના એક તરીકે જાહેર કર્યું હતું. ધ ગાર્ડિયન દ્વારા ×વિશ્વના સૌથી પ્રભાવશાળી રાહદારીઓ× તરીકે પ્રશંસા કરવામાં આવી હતી. ફેન્ટેસી પાર્ક એ વિયેટનામનો સૌથી મોટો ઈન્ડોર ગેમ ઝોન છે જેમાં પરિવારો માટે અસંખ્ય રમતો, મનોરંજન અને રમતોનો સમાવેશ થાય છે. જુરાસિક પાર્ક નામના બ્લોકબસ્ટર મુવી ''જુરાસિક પાર્ક'' એ બાળકોને ગમતી જગ્યા છે. આ ઉપરાંત વિયેટનામનું પ્રથમ મીણ મ્યુઝિયમ પણ છે, વિશ્વભરની અગ્રણી વ્યક્તિઓના પૂતળા ત્યાં છે. બાના હિલ્સ એ એક ટુરિસ્ટ માટે આકર્ષણની જગ્યા છે.ગોલ્ડન બ્રિજ, ગોડ'ઝ હેન્ડ્સ, ફ્રેન્ચ પેલેસ સિવાય ઘણાં સ્થળો જોવાલાયક છે. એકવાર જરૂર મુલાકાત લેવા જેવી. લગભગ પાંચ વાગે અમારી ટૂર ખતમ થઈ. કેબલ કાર દ્વારા પાછાં ફર્યા. હોટેલ પર પહોંચી ફરી ડિનર લેવા ગુજરાત રેસ્ટોરન્ટમાં ગયા. બીજા દિવસની રાહમાં.

# જાયન્ટ્સ હિંમતનગર સહિયર દ્વારા બોર વિતરણ કરવામા આવ્યુ



હિંમતનગરમા ઉમિયા માતાજીના મંદિરની સામે આવેલી સેવા વસ્તીમા જાયન્ટ્સ હિંમતનગર સહિયરની બહેનો દ્વારા ૩૦૦ કરતા વધારે વ્યક્તિઓ અને બાળકોને બોર વિતરણ કરવામા આવ્યુ જેમા પ્રમુખ સોનલબેન મહેતા, મંત્રી રાજેશ્રીબેન ત્રિવેદી રોશનીબેન, મીનાબેન, બીનાબેન, ફાલ્ગુનીબેન, ગીતાબેન, દીનાબેન વગેરે હાજર રહ્યા દાતા તરીકે શ્રીમતી હંસાબેન સુભાષભાઈ ભટ્ટએ ફાળો આપ્યો હતો

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું